## સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૧૫/૧/૨૦૧૮ થી તા.૨૧/૧/૨૦૧૮

## પ્રેસનોટ

**દાહોદની ખુંખાર, કુખ્યાત "ચીલાકોટા ગેંગ " ના મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ ઇસમોને ઝડપી અમદાવાદ ગ્રામ્ય તથા અમદાવાદ શહેરના દોઢ-ડઝનથી વધુ ઘરફોડ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી અમદાવાદ ગ્રામ્ય, એલ.સી.બી.**

અત્રેના જીલ્લાના બોપલ પો.સ્ટે.ના આબાદ નગર પાસેની મારવેલ કો-ઓપરેટીવ સોસાયટીના મકાન નં એ/૧૮ માં રહી નિવૃત જીવન ગુજારતા ફરીયાદિશ્રી ધીરજલાલ હિમતલાલ જોશી નાઓ પોતાનુ મકાન બંધ કરી પત્ની સાથે ગઇ તા.૨૬/૧૨/૨૦૧૭ ના રોજ પોતાના દિકરા દિપેન જોષી (મેડિકલ ઓફીસરશ્રી,પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મોટી માલવણ-સુરેન્દ્રનગર) ખાતે ગયેલ અને તા.૦૬/૦૧/૧૮ ના રોજ પરત આવતા મકાનના પાછળના દરવાજાનુ તાળુ તોડી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ કુલ મળી રૂ.૭૪,૧૮૦/- ની મત્તાની ચોરી કરી કોઇ અજાણ્યા ઇસમો લઇ ગયેલ બનાવ સંબધે બોપલ પો.સ્ટે.માં ગુન્હો નોંધાવેલ. જે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ જીલ્લા પોલીસ વડાશ્રી આર.વી.અસારી સાહેબશ્રી નાઓએ મિલ્કત સંબધિ વણ શોધાયેલ ગુન્હા શોધી કાઢવા ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે એલ.સી.બી ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી. એ.સી.ગોહિલ, પો.સ.ઇ.શ્રી. એન. બી. બારોટ. પો.સ.ઇ. શ્રી આર.એમ. વસૈયા, પો.સ.ઇ.શ્રી, આઇ.એમ. ઝાલા અને ટીમે ગુન્હાવાળી જગ્યાઓની વીજીટ કરી ગુન્હાઓની પધ્ધતિના અભ્યાસ આધારે દાહોદ તરફની ગેંગની સંડોવણીના અનુમાન સાથે ચોક્કસ દિશામાં ધ્યાન કેદ્રીત કરી માહિતી મેળવવા ચક્રો ગતિમાન કરેલ તેના ફળસ્વરૂપે દાહોદની કુખ્યાત **"ચીલાકોટા ગેંગ"** ની સંડોવણી જણાયેલ જેથી જીલ્લા પોલીસ વડાશ્રીના માર્ગદર્શન હેઠળ, એલ.સીબી,. ની અલગ અલગ ટીમો બનાવી ગેગ ઝબ્બે કરવા કવાયત હાથ ધરેલ તેના પરીણામ સ્વરૂપે પો.કોન્સ હિતેન્દ્રસિહ ચૌહાણ નાઓને મળેલ ચોક્કસ બાતમી આધારે ઇન્ચાર્જ પો.ઇન્સ. શ્રી,પો.સ.ઇશ્રી અને

એલ.સી.બી., ટીમે સેલા-ધુમા એપ્રોચ રોડ ઉપર હનુમાનજીના મંદિર નજીક, સેલા ખાતે વોચ ગોઠવી ભારે જહેમત થી ત્રણ ઇસમો ઝડપિ પાડેલ.

**ઘરફોડ ચોરીના ગુન્હા આચરી આંતક મચાવનાર “ચીલાકોટા ગેગ”ના ત્રણ સાગરીતો ઝડપાયા**

(૧) વિનુભાઇ વિરૂભાઇ જાતે પલાસ ઉ.વ. ૨૮ રહે. વલુદી, નેચવા ફળીયુ તા. લીમખેડા જી દાહોદ, હાલ- ચાંદલોડીયા તળાવની પાસે છાપરામા અમદાવાદ

(૨) કનેશ જબરાભાઇ જાતે માવી ઉ.વ. ૨૦ રહે. કણઝેર, ડુગર ફળીયુ તા. ધાનપુર જી. દાહોદ, હાલ- બોપલ નગરપાલીકા પાસે,નવા બનતા ફ્લેટમાં અમદાવાદ

(3) રમશુ ઉર્ફે રમતુ બાબુભાઇ ભુરીયા ઉ.વ. ૨૧ રહે. ચીલાકોટા, રવાળી ફળીયા, તા.લીમખેડા જી દાહોદ, હાલ- જુહાપુરા મુસ્કાન ટાંકીની પાસે એ.એમ.સી ની જગ્યામા અમદાવાદ

ઉપરોકત આરોપીઓ પાસેથી લોખંડના ગણેશીયા સહિતના ઘરફોડ ચોરી કરવાના સાધનો મળી આવતા અંગઝડતિના નાણા તથા મોબાઇલ ફોન તથા ગુન્હો આચરવા ઉપયોગ કરેલ મહેન્દ્ર બોલેરો પીક-અપ ડાલા નં જી.જે.૦૧ ડી.વાય. ૯૧૮૭ મળી કુલ રૂ. ૩,૦૫,૮૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી અટકાયત કરી આગવી ઢબે ધનિષ્ઠ પુછપરછ કરતા પોતે તથા સાગરીતો સાથે મળી અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના બોપલ, તથા અમદાવાદ શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં રાત્રીના સમયે ઘરફોડ ચોરીઓના દોઢ-ડઝન કરતા વધુ ગુન્હા આચરેલાની કબુલાત કરેલ

**આરોપીએ છેલ્લા એક વર્ષ દરમ્યાન દરમ્યાન દોઢ-ડઝન થી વધુ ગુન્હા આચરેલાની કબુલાત કરેલ**

ઉપરોકત આરોપીઓએ છેલ્લા એક વર્ષ દરમ્યાન બોપલ પો.સ્ટે. વિસ્તારમાં તથા અમદાવાદ શહેરના ઘાટોડિયા વિસ્તારમાં દોઢ-ડઝનથી વધુ ગુન્હા આચરેલાની કબુલાત કરેલ છે. તે પૈકી બોપલ પો.સ્ટે -૦૯, અને અમદાવાદ શહરેના ઘાટલોડિયા પો.સ્ટે. -૦૮, મળી કુલ- ૧૭ ઘરફોડ ચોરીના ગુન્હા નોધાયેલાની માહીતી હાલ સુધિ મળેલ છે.

## આરોપીઓનો ગુન્હાહિત ઇતિહાસ

ઉક્ત આરોપીઓ પૈકિ રમશુ ઉર્ફે રમતુ બાબુભાઇ ભુરીયા અગાઉ અમદાવાદ શહેરના સોલા પો.સ્ટે. ખાતે ત્રણેક ઘરફોડ ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.

## આરોપીઓની ગુન્હો કરવાની પધ્ધતી

ઉપરોકત આરોપીઓ કડિયા કામ-પાણીની પાઇપ લાઇનના કામના બાહના હેઠળ ખુલ્લી અને એકાંતવાળી જગ્યાએ છાપરૂ બાધી આશરો મેળવી દિવસ દરમ્યાન ચોક્કસ વિસ્તારને ટાર્ગેટ કરી રેકી કરી એકાંત અને છેવાડા વિસ્તારની સોસાયટીના બંધ મકાનની પસંદગી કરી રાત્રીના સમયે પસંદગી કરેલ મકાને ત્રાટકી ગુન્હાને અંજામ આપતા

આ ગેંગનો મુખ્ય સૂત્રધાર ચીલાકોટાનો હોઇ ગેંગ **“ચીલાકોટા ગેંગ ”** તરીકે કુખ્યાત છે.













# પ્રેસનોટ

**લૂંટ વીથ બળાત્કારના ગુન્હા આચરતિ "કુખ્યાત વેડવા ગેગ" ના એક વર્ષથી પેરોલ જમ્પ રીઢા ગુન્હેગારને ઝડપિ પાડતી એલ.સી.બી અમદાવાદ ગ્રામ્ય**

જીલ્લાના અલગ અલગ પો.સ્ટે ના ગુન્હામાં નાસતા ફરતા તેમજ પેરોલ/ફર્લો જમ્પ થયેલ આરોપીઓને ઝડપિ પાડવા જીલ્લા પોલીસ વડા શ્રી, આર.વી. અસારી સાહેબશ્રી નાઓએ પો.ઇન્સ. શ્રી એલ.સી.બી. નાઓને ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે પોલીસ ઇન્સપેકટર શ્રી.જે.એમ. ચુડાસમા, પો.સ.ઇ.શ્રી એ.સી.ગોહિલ, પો.સ.ઇ.શ્રી આઇ.એમ.ઝાલા, પો.સ.ઇ.શ્રી. આર.એમ.વસૈયા, પો.સ.ઇ.શ્રી એન.બી.બારોટ અને એલ.સી.બી. ટીમે જીલ્લાના ગુન્હામાં નાસતા/ફરતા આરોપી તેમજ પેરોલ/ફર્લો જમ્પ આરોપીઓની ગુન્હો આચરવાની પધ્ધતિના આધારે સ્ક્રુટી કરી સંભવીત આશ્રય સ્થળો સંબધે જીણામાં જીણી માહિતિ એકઠી કરી આરોપીઓ જડપિ લેવા ચોકકસ દીશામાં ધ્યાન કેન્દ્રીત કરી પ્રયાસ હાથ ધરેલ તેના ફળસ્વરૂપે ચોકક્સ બાતમી આધારે બીગડેડી ચાર રસ્તા નજીક વોચ ગોઠવી ભારે જહેમતથી દોઢેક વર્ષ કરતા વધુ સમયથી પેરોલ જમ્પ રીઢા ગુન્હેગારને ઝડપી પાડેલ

**<u>કુખ્યાત વેડવા ગેગનો પેરોલ જમ્પ રીઢો ગુન્હેગાર ઝડપાયો</u>**

**(૧) કાળુભાઇ ઉર્ફે રાજુભાઇ સ/ઓ કેશુભાઇ હેમુભાઇ વેડવા ઉ.વ. ૩૧ રહે. સઇડા તાજી બોટાદ. હાલ મકરબા વડાફોન**

ઉકત આરોપી સને ૨૦૧૧ માં તા.૧૪/૦૭/૧૨ ના રોજ સાણંદ પોલીસ સ્ટેશનના ચેખલા ગામની સીમમાં શ્રી હરી પેટ્રોલપંપ ઉપર રહેતા શ્રમિક મજૂરોના બે કુટુંબો ઉપર રાત્રીના સમયે ત્રાટકીને લુંટ તથા બળાત્કારનો ગુન્હો આચરેલ જે ગુન્હામાં એલ.સી.બી. ધ્વારા અન્ય સહ આરોપીઓ સાથે ઝડપાયેલ અને છેલ્લે પેરોલ ઉપર છૂટતા સમયસર જેલમાં હાજર નહિ થઇ તા.૨૬/૦૩/૧૬ થી પેરોલ જમ્પ થઇ નવુ નામ ચકો ધારણ કરી નાસતો ફરતો રહેલ

આ ગેંગના મુખ્ય સુત્રધાર છનુ હેમા વેડવા (દેવીપુજક) તથા કેશુ હેમા વેડવા (દેવીપુજક) નાઓએ સને૨૦૧૨ માં વિરમગામ રૂરલ પો.સ્ટે. હદ વિસ્તારના હાસલપુર નર્મદા કેનાલના શ્રમિક મજૂરોને બંધક બનાવી લૂટ

ચલાવી , શ્રમિક મહિલોઓ ઉપર બળાત્કાળ ગુજારેલ જે ગુન્હો એલ.સી.બી, ધ્વારા ગણત્રીના દિવસોમાં ડિટેકટ કરી આરોપીઓ ઝડપિ પાડેલ તેના પ્રોત્સાહન રૂપે તત્કાલીન ડિ.જી.પી.સાહેબશ્રી એ રૂ. ૨૫,૦૦૦/- નુ રોકડ ઇનામ આપી સન્માનિત કરેલ

અત્રે નોધનિય છે કે આ ગેગ ગુજરાત રાજયના અલગ અલગ શહેર જીલ્લાઓમાં જેવા કે, અમદાવાદ ગ્રામ્ય, મહેસાણા, સાબરકાંઠા, વડોદરા, સુરત, ગોધરા, પાટણ, બનાસકાંઠા વિગેરે જગ્યાઓએ ધાડ સાથે ખૂન, ધાડ સાથે બળાત્કાર, લુંટ, ચોરી જેવા ભયંકર અને અમાનવીય અસંખ્ય ગુન્હાઓ આચરેલ છે. જેમાં વડોદરા શહેરના ગોરવા પોલીસ સ્ટેશન ખાતે તા.૧૩/૦૩/૨૦૧૧ ના રોજ પોલીસ કોન્સ્ટેબલ અનિલકુમાર શર્માના ખૂન તેમજ મહેસાણા ના શંખેશ્ર્વર પાસે પોલીસ વર્ધીમાં નાઇટ ડયુટી કરતા કોન્સ્ટેબલ હાર્દીકભાઇને પણ માર મારી લુંટી લીધેલા ના ગુન્હાનો સમાવેશ થાય છે.

આમ, આ ગેંગના સભ્યો પોલીસ ઉપર પણ હુમલો કરતા અચકતા ન હોઇ ખતરનાક કહિ શકાય .

આ કામગીરમાં એલ.સી.બી પો.સ.ઇ.શ્રી. આઇ.એમ.ઝાલા પો.કોન્સ અજીતસીહ પઢેરીયા, પોકો કુલદિપ સિહ ચૌહાણ જોડાયેલા હતા

આમ અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી તથા પેરોલ ફર્લો સ્કોર્ડ ધ્વારા સદરી વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

(આર.વી.અસારી)
પોલીસ અધિક્ષક
અમદાવાદ રુરલ અમદાવાદ